# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનો વિરોધ સરકાર દ્વારા ઓનલાઈન રિટેઇલરો આવશ્યક ચીજવસ્તુઓના વેચાણની મંજૂરી ન આપવા ચેમ્બર દ્વારા કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર ને ભારપૂર્વક રજુઆત...

હાલ સમગ્ર દેશમાં કોરોનાનો કહેર વધી રહયો છે. તેને સંક્રમીત કરવા માટે દેશમાં સરકાર દ્વારા ઘણા પ્રયાસો ચાલી રહયા છે. કેન્દ્ર સરકારે તા.૨૦મી અપ્રિલથી ઈ-કોમર્સ પ્લેટફોર્મને આવશ્યક ચીજવસ્તુઓના વેચાણ માટે અમુક શરતોને આધિન રહીને મંજુરી આપવામાં આવી છે. આ નિર્ણય નાના વેપારીઓ માટે નુકશાન કરતા છે. ઓનલાઈન શોપીંગથી પાર્સલ એક રાજય માંથી બીજા રાજયમાં આવશે જેના દ્વારા કોરોના વાયરસ પણ ફેલાવાની શકયતા વધી જશે. લોકડાઉન દરમ્યાન આપણા દેશના વેપાર-ઉદ્યોગકારોએ સ્વયંભુ પોતાની દુકાનો-કારખાનાઓ બંધ રાખીને સરકારશ્રીને સાથ સહકાર આપ્યો છે અને કોરોનાની લડાઈ માટે કેન્દ્ર તથા રાજય સરકારને વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી રીલીફ ફંડમાં દિલ ખોલીને કરોડો રૂપિયાનું દાન કરેલ છે.

સરકારશ્રીના આદેશને અનુસરીને વેપાર-ઉદ્યોગકારોએ તેમના તમામ ખર્ચાઓ જેમકે કર્મચારીઓનો પગાર, બેન્કનું વ્યાજ, વિવિધ ટેક્ષ જેવા બોજાઓ ભોગવેલ છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ઈ-કોમર્સને મંજૂરી આપવાની જે જાહેરાત કરવામાં આવેલ છે તે આપણા રાજયના વેપાર-ઉદ્યોગકારોને નુકશાન કરતા રહેશે. તેથી જયા સુધી દેશના તથા આપણા ગુજરાતના વેપાર-ઉદ્યોગકારો પોતાનો વેપાર કરી શકે તેવી વ્યવસ્થા અને વાતાવરણ ઉભુ ન થાય ત્યાં સુધી ઓનલાઈન રીટેલ વેપારને મંજુરી ન આપવી જોઈએ. તેમજ તા.૨૦મી અપ્રિલથી ચોકકસ વિસ્તારોમાં સરકારના નિયમોને અનુસરીને વેપાર-ઉદ્યોગકારોને વેપાર શરૂ કરી શકે તે માટે મંજુરી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર તથા રાજય સરકારને ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલ.